
॥ શ્રી દ્વારકેશો જયતિ ॥



# પુષ્ટિ બાલ પોથી

## ભાગ - ૧

શ્રી વાક્‌પતિ ફાઉન્ડેશન પ્રણીત

**શ્રી શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય પાઠશાળાના**

અભ્યાસ ક્રમ પ્રાથમિક વિભાગ (પ્રથમ વર્ષ)

આલેખન : જયેન્દ્રભાઈ સોની, મુંબઈ

* પ્રકાશક *

**શ્રી વાક્‌પતિ ફાઉન્ડેશન**

બેઠક મંદિર, કેવડા બાગ, મદન ઝાંપા રોડ,
વડોદરા. ફોન નં. : ૪૩ ૫૫ ૪૩

# આપણાં બાળકોમાં વૈષ્ણવી

# સંસ્કારોનું સિંચન આપણેજ કરીએ!

આજના ટી.વી. યુગના જમાનામાં આપણી સંસ્કૃતિનું, આપણા મુલ્યોનું ધોવાણ અતિ ઝડપથી થઇ રહ્યું છે. અન્ય ધર્મો, સંપ્રદાયો, વિચારધારાઓનો પ્રભાવ પણ વધી રહ્યો છે. આ સંજોગોમાં આપણા બાળકોને નાનપણથીજ જો આપણા ધાર્મિક સંસ્કારોથી સિંચિત નહીં કરીએ તો તેમના વિચારો પરિપકવ થયા પછી પરિવર્તન ખુબજ મુશ્કેલ બની જશે. પરિણામ સ્વરૂપે આપણા બાળકો વલ્લભીય પરંપરાથી અજાણ રહી બહિર્મુખ થઇ જશે, તેમજ નાસ્તિકતા તરફ વળશે અને સમગ્ર દુનીયામાં જે અશાંતિનું વાતાવરણ આજે વ્યાપ્ત છે, તેના પ્રવાહમાં તણાઇ જશે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં લઇ નાના બાળકોમાં પાયામાંથી વૈષ્ણવી સંસ્કારોનું સિંચન કરી શકાય તે હેતુથી પુષ્ટિ-બાલપોથીનું પ્રકાશન

કરવામાં આવી રહ્યુ છે. જેના દ્વારા ક્રમશ: કે.જી.માં ભણતા બાળકોને પણ પુષ્ટિમાર્ગની પાયાની વાતો સમજાવી શકાય, સ્વરૂપ જ્ઞાન કરાવી શકાય, સ્તોત્ર પાઠ કંઠસ્થ કરાવી શકાય. આવી પુષ્ટિમાર્ગીય પાઠશાળાઓના અભાવ માં આ પુસ્તકમાળા દ્વારા દરેક ઘરમાં વડિલો પોતાના બાળકોને પુષ્ટિમાર્ગના વિવિધ વિષયોનું જ્ઞાન આપી શકે તે આ પ્રકાશનનો ઉદેશ્ય છે. આ વિશે વડિલોએ પોતે જાગ્રત બની સમય કાઢી રસ લેવો આવશ્યક છે. ક્રમશ: પોતાના બાળકોને રોજ સ્કુલના લેશન સાથે આ સ્વાધ્યાય કરાવવો જોઇએ તોજ સંપ્રદાયના મુખ્યભુત સિધ્ધાંતોથી બાળકો માહિતગાર થશે અને માર્ગના ઉચ્ચ અભ્યાસ માટે રૂચી અને યોગ્યતા પ્રાપ્ત કરી શકશે. વડિલોને પોતાને સંપ્રદાય વીશે સંપુર્ણ જ્ઞાન ન હોય તો પણ આ પુસ્તકો વાંચી પોતાના બાળકોને સમજાવી શકશે. ઘેર ઘેર પાઠશાળા હોવી તે આજની આવશ્યક્તા છે. જ્યાં પાઠશાળાઓ ચાલે છે ત્યાં પણ સુવ્યવસ્થિત અભ્યાસ ક્રમ રાખી શકાય તે પણ

# શ્રીનાથજી

શ્રીનાથજી બાવા આપણા ઇષ્ટદેવ છે. શ્રીનાથજીનું બીજું નામ શ્રીગોવર્ધનનાથજી છે. તેમનું પ્રાકટ્ય ગોવર્ધન પર્વતની કંદરામાંથી થયું હતું. ગોવર્ધન પર્વતને શ્રીગિરિરાજજી પણ કહેવાય છે જે વ્રજમાં જતીપુરામાં આવેલ છે. શ્રીમહાપ્રભુજી એ શ્રીનાથજી બાવાને કંદરામાંથી બહાર લાવી શ્રીગિરિરાજજીની ઉપર મંદિર બનાવી પધરાવ્યા હતા. તેમનો પાટોત્સવ મહાસુદ-૭ના દિવસે આવે છે. શ્રીનાથજીને શ્રીજીબાવા પણ કહેવાય છે. તેમણે વ્રજવાસીઓના દૂધ દહીં માગી માગીને આરોગ્યા હતાં. ઘણા વર્ષો પછી શ્રીનાથજી વ્રજમાંથી નાથદ્વારા પધાર્યા હતા, જ્યાં અત્યારે પણ બિરાજે છે. તેમની સેવાનો વૈભવ ઘણો છે. શ્રીનાથજી શ્રીકૃષ્ણનુંજ સ્વરૂપ છે.

# શ્રીનાથજી



## શ્રીગોવર્ધનનાથજી

પ્રાકટ્ય સ્થળ : શ્રીગિરિરાજજી-જતીપુરા

પાટોત્સવ : મહા સુદ - ૭

હાલ નાથદ્વારમાં બિરાજે છે.

# શ્રીયમુનાજી

શ્રીયમુનાજીનું સ્વરૂપ અલૌકિક છે. પૃથ્વી ઉપર તેઓ જલ પ્રવાહના રૂપે બિરાજે છે. મથુરામાં વિશ્રામઘાટ ઉપર તેમજ ગોકુળમાં ઠકુરાણીઘાટ ઉપર તેમના દર્શન થાય છે. ત્યાં સવાર સાંજ રોજ તેમની આરતી થાય છે. શ્રીયમુના મહારાણીજીના પાનથી યમનો ભય દુર થાય છે. શ્રીયમુનાજીની કૃપાથી શ્રીઠાકોરજી આપણા ઉપર પ્રસન્ન થાય છે અને આપણી સેવા સ્વિકારે છે. જીવનમાં એક વાર તો વ્રજ માં જઇ શ્રીયમુનાજીના દર્શન તથા પાન કરવાજ જોઇએ. શ્રીયમુનાજીનું બીજું નામ કાલીંદીજી છે. રોજ શ્રીયમુનાજીનું સ્મરણ કરવું જોઇએ.

## શ્રીયમુનાજી



શ્યામ સુંદર શ્રીયમુના મહારાણીજી કી જય

# શ્રીમહાપ્રભુજી

શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય ચંપારણ્યમાં થયું હતું. ભગવાન પોતે શ્રીમહાપ્રભુજીના રૂપે પ્રકટ થયાં હતાં. તેમના પિતાનું નામ લક્ષ્મણ ભટ્ટજી અને માતાનું નામ ઇલ્લામાગારૂજી હતું. નાની ઉંમરમાંજ તેમણે બધું જ્ઞાન મેળવ્યું હતું. તેઓએ ત્રણ વખત ખુલ્લા પગે ચાલીને ભારતની યાત્રા કરી હતી અને ઘણા વૈષ્ણવોને સેવક બનાવ્યા હતાં. તેમને પુષ્ટિમાર્ગની સ્થાપના કરી હતી અને ઘણા ગ્રંથો રચ્યા હતા તેમની આજ્ઞા પ્રમાણે વર્તવાથી ભગવાનની પ્રાપ્તિ થાય છે. તેમના મુખ્ય ૮૪ સેવકો હતા. શ્રીમહાપ્રભુજી આપણા સૌના ગુરૂદેવ છે.

**શ્રીવલ્લભાધીશ કી જય....**

## શ્રીમહાપ્રભુજી



### આચાર્ય ચરણ

### શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજી

પ્રાકટ્ય સ્થળ : ચંપારણ્ય

પ્રાકટ્ય દિન : સંવત ૧૫૩૫ ચૈત્ર વદ ૧૧


# શ્રીગુસાંઇજી

શ્રીમહાપ્રભુજીને બે પુત્રો હતા. મોટા શ્રીગોપીનાથજી અને નાના શ્રીવિઠ્ઠલનાથજી તેમનું બીજું નામ શ્રીગુસાંઇજી. શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગની સ્થાપના કરી છે. શ્રીગુસાંઇજીએ તેનો વિસ્તાર કર્યો છે.

ભગવાન પોતે શ્રીમહાપ્રભુજીને ત્યાં પુત્ર શ્રીગુસાંઇજી રૂપે પ્રગટ થયા હતા. માટે તેમનામાં ભગવાનના બધાજ ગુણો હતાં. શ્રીમહાપ્રભુજીએ શ્રીનાથજીની સેવા શરૂ કરેલી. શ્રીગુસાંઇજીએ શ્રીનાથજીની સેવાનો વૈભવ વધાર્યો. તેઓ બધીજ વિદ્યામાં પારંગત હતા. તેમણે શ્રીઠાકોરજીની સેવામાં અનેક પ્રકારના વસ્ત્ર, આભુષણો, સામગ્રી, કિર્તન વગેરેનો વિનિયોગ કરાવ્યો જે આજે પણ ચાલુ છે.

શ્રીગુસાંઇજીનું પ્રાકટય બનારસ પાસે ચરણાટ ગામમાં થયેલું. પાછળથી તેઓ ગોકુળમાં આવીને વસ્યા હતા. રોજ ઘોડા ઉપર બેસી જતીપુરા શ્રીનાથજીની સેવામાં પધારતા હતા. તેઓ ઘરમાં શ્રીનવનિત પ્રિયાજીની સેવા કરતા જે આજે નાથદ્વારામાં બિરાજે છે.

# શ્રીગુસાંઇજી



## પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજી

પ્રાકટ્ય સ્થળ : ચરણાટ

પ્રાકટ્ય દિન : સંવત ૧૫૭૨ માગશર વદ ૯

# પ્રાતઃ સ્મરણ

શ્રી ગોવર્ધનનાથ-પાદયુગલં, હૈયંગવીનપ્રિયં
નિત્યં શ્રી મથુરાધિપં સુખકરં, શ્રી વિઠ્ઠલેશં મુદા
શ્રીમદ્દ્વારવતીશ-ગોકુલપતી, શ્રી ગોકુલેન્દું વિભું
શ્રીમન્મન્મથમોહનં નટવરં, શ્રી બાલકૃષ્ણં ભજે

**શ્રીનાથજી, શ્રીનવનિત પ્રિયાજી, શ્રીમથુરેશજી, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીદ્વારકાધીશજી, શ્રીગોકુલનાથજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીમદનમોહનજી, શ્રીનટવરલાલજી તથા શ્રીબાલકૃષ્ણલાલજીનું હું સ્મરણ કરૂં છું.**

*

શ્રીમદ્ વલ્લભવિઠ્ઠલૌ ગિરિધરં, ગોવિંદરાયાભિધં
શ્રીમદ્ બાલકૃષ્ણ-ગોકુલપતી, નાથંરઘૂણાં સ્તથા
એવં શ્રી યદુનાયકં કિલ ઘનશ્યામં ચ તદ્વંશજાન્
કાલિન્દીં, સ્વગુરું, ગિરિમ્, ગુરુવિભૂન્ સ્વીયંપ્રભુશ્ચસ્મરેત્

**શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી, શ્રીગિરિધરજી, શ્રીગોવિંદરાયજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજી, શ્રીયદુનાથજી, શ્રીઘનશ્યામજી, શ્રીવલ્લભકુળ પરિવાર, શ્રીયમુનાજી, શ્રીગિરિરાજજી, મારા ગુરૂદેવ તથા મારા સેવ્ય સ્વરૂપનું હું સ્મરણ કરૂં છું.**

# શ્રી મંગલાચરણમ્

શ્રીકૃષ્ણાય નમ:
શ્રીગોપીજનવલ્લભાય નમ:
શ્રીમદ આચાર્યચરણ કમલેભ્યો નમ:
શ્રીગુસાંઇજી પરમ દયાલવે નમ:
શ્રીગુરવે નમ:

ચિન્તાસંતાનહન્તારો, યત્પાદામ્બુજરેણવ:
સ્વીયાનાં તાન્રિજાચાર્યાનુ,પ્રણમામિ મુહુર્મુહુ: ૧

યદનુગ્રહતો જન્તુ:, સર્વદુ:ખાતિગો ભવેત્
તમહં સર્વદા વન્દે, શ્રીમદ્ વલ્લભનન્દનમ્ ૨

અજ્ઞાનતિમિરાન્ધસ્ય, જ્ઞાનાંજનશલાક્યા
ચક્ષુરુન્મીલિતં યેન, તસ્મૈ શ્રીગુરવે નમ: ૩

નમામિ હૃદયે શેષે, લીલાક્ષીરાબ્ધિશાયિનમ્
લક્ષ્મીસહસ્ત્રલીલાભિ:,સેવ્યમાનં કલાનિધિમ્ ૪

ચતુર્ભિશ્ચ, ચતુર્ભિશ્ચ, ચતુર્ભિશ્ચ ત્રિભિસ્તથા
ષડ્ભિર્વિરાજતે યોસૌ, પંચધા હૃદયે મમ ૫

# શ્રી યમુનાષ્ટકમ્

નમામિ યમુનામહં, સકલસિદ્ધિહેતું મુદા
મુરારિ પદ પંકજ- સ્ફુરદમન્દરેણૂત્કટામ્
તટસ્થ નવ કાનન- પ્રકટ મોદ પુષ્પામ્બુના
સુરાસુરસુપૂજિત- સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ૧
કલિન્દગિરિમસ્તકે, પતદમન્દપૂરોજ્જવલા
વિલાસગમનોલ્લસત્- પ્રકટ ગણ્ડ શૈલોન્નતા
સઘોષગતિદન્તુરા, સમધિ રૂઢ દોલોત્તમા
મુકુન્દરતિવર્ધિની, જયતિ પદ્મબન્ધોઃ સુતા ૨
ભુવં ભુવન પાવની- મધિગતામને કસ્વનૈઃ
પ્રિયાભિરિવ સેવિતાં, શુકમયૂરહંસાદિભિઃ
તરંગ ભુજ કંકણ- પ્રકટ મુક્તિકા વાલુકા
નિતમ્બ તટ સુન્દરીં, નમત કૃષ્ણતુર્યપ્રિયામ્ ૩
અનન્તગુણભૂષિતે, શિવ વિરંચિ દેવસ્તુતે
ઘનાઘનનિભે સદા, ધ્રુવ પરાશરા ભીષ્ટદે
વિશુદ્ધમથુરાતટે, સકલ ગોપ ગોપી વૃતે
કૃપાજલધિસંશ્રિતે,મમ મનઃ સુખં ભાવય ૪
યયા ચરણપદ્મજા, મુરરિપોઃ પ્રિયંભાવુકા
સમાગમનતોભવત્, સકલસિદ્ધિદા સેવતામ્

તયા સદૃશતામિયાત્, કમલજા સપત્નીવ યત્
હરિપ્રિયકલિન્દયા, મનસિ મે સદા સ્થીયતામ્ ૫

નમોસ્તુ યમુને સદા, તવ ચરિત્રમત્યદ્ભુતં
ન જાતુ યમયાતના, ભવતિ તે પયઃપાનતઃ
યમોપિ ભગિનીસુતાન્, કથમુ હન્તિ દુષ્ટાનપિ
પ્રિયો ભવતિ સેવનાત્, તવ હરેર્યથા ગોપિકાઃ ૬

મમાસ્તુ તવ સન્નિધૌ, તનુનવત્વમેતાવતા
ન દુર્લભતમા રતિ- ર્મુરરિપૌ મુકુન્દપ્રિયે
અતોસ્તુ તવ લાલના, સુરધુની પર સંગમાત્
તવૈવ ભુવિ કીર્તિતા, ન તુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ૭

સ્તુતિં તવ કરોતિ કઃ, કમલજા સપત્નિ પ્રિયે
હરેર્યદનુસેવયા, ભવતિ સૌખ્યમામોક્ષતઃ
ઇયં તવ કથાધિકા, સકલ ગોપિકા સંગમ-
સ્મરશ્રમજલાણુભિઃ, સકલગાત્રજૈઃ સંગમઃ ૮

તવાષ્ટકમિદં મુદા, પઠતિ સૂરસૂતે સદા
સમસ્તદુરિતક્ષયો, ભવતિ વૈ મુકુન્દે રતિઃ
તયા સકલસિદ્ધયો, મુરરિપુશ્ચ સંતુષ્યતિ
સ્વભાવવિજયો ભવેત્, વદતિ વલ્લભઃ શ્રીહરેઃ ૯

॥ ઇતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં શ્રીયમુનાષ્ટક-સ્તોત્રં સંપૂર્ણમ્ ॥

# શ્રી કૃષ્ણાશ્રય

(શ્રીકૃષ્ણાશ્રયનો પાઠ શ્રી પ્રભુની સન્મુખ કરવો)

સર્વમાર્ગેષુ નષ્ટેષુ, કલૌ ચ ખલધર્મિણિ
પાખંડપ્રચુરે લોકે, કૃષ્ણ એવ ગતિર્મમ ૧
મ્લેચ્છાક્રાન્તેષુ દેશેષુ, પાપૈકનિલયેષુ ચ
સત્પીડાવ્યગ્રલોકેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ૨
ગંગાદિતીર્થ વર્યેષુ, દુષ્ટૈરેવા વૃતે ષ્વિહ
તિરોહિતાધિદૈવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ૩
અહંકાર વિમૂઢેષુ, સત્સુ પાપાનુવર્તિષુ
લાભપૂજાર્થયત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ૪
અપરિજ્ઞાનનષ્ટેષુ, મંત્રેષ્વ વ્રત યોગિષુ
તિરોહિતાર્થદેવેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ૫
નાનાવાદવિનષ્ટેષુ, સર્વકર્મવ્રતાદિષુ
પાખંડૈક પ્રયત્નેષુ, કૃષ્ણ એવ ગતિર્મમ ૬
અજામિલાદિદોષાણાં, નાશકોનુભવે સ્થિત:
જ્ઞાપિતાખિલમાહાત્મ્ય, કૃષ્ણ એવ ગતિર્મમ ૭
પ્રાકૃતા: સકલા દેવા- ગણિતાનન્દકં બૃહત્
પૂર્ણાનંદો હરિસ્તસ્માત્, કૃષ્ણ એવ ગતિર્મમ ૮

વિવેકધૈર્ય ભકત્યાદિ- રહિતસ્ય વિશેષતઃ
પાપાસક્તસ્યદીનસ્ય, કૃષ્ણ એવ ગતિર્મમ ૯
સર્વ સામર્થ્ય સહિતઃ, સર્વત્રૈવાખિલાર્થકૃત્
શરણસ્થસમુદ્ધારં, કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્ ૧૦
કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રમ્, ય પઠેત્ કૃષ્ણસન્નિધૌ
તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણ,
ઇતિ શ્રી વલ્લભોબ્રવીત્ ૧૧

॥ ઇતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતં કૃષ્ણાશ્રયસ્તોત્રં સંપૂર્ણમ્ ॥

*

## શ્રી ચતુઃશ્લોકી

સર્વદા સર્વભાવેન, ભજનીયો વ્રજાધિપઃ
સ્વસ્યાયમેવ ધર્મો હિ, ન્યાન્યઃ ક્વાપિ કદાચન ૧
એવં સદા સ્મ કર્તવ્યં, સ્વયમેવ કરિષ્યતિ
પ્રભુઃ સર્વસમર્થો હિ, તતો નિશ્ચિન્તતાં વ્રજેત્ ૨
યદિ શ્રીગોકુલાધીશો ધૃતઃસર્વાત્મના હૃદિ
તતઃ કિમપરં બ્રૂહિ, લૌકિકૈર્વૈદિકૈ રપિ ૩
અતઃ સર્વાત્માનાશશ્વદ્-ગોકુલેશ્વર પાદયોઃ
સ્મરણં ભજનં ચાપિ, ન ત્યાજ્યમિતિ મે મતિઃ ૪

॥ ઇતિ શ્રીમદ્ વલ્લભાચાર્ય વિરચિતા ચતુઃશ્લોકી સમાપ્તા ॥

# શ્રી મધુરાષ્ટકમ્

અધરં મધુરં વદનં મધુરં, નયનં મધુરં હસિતં મધુરમ્
હૃદયં મધુરં ગમનં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્

વચનં મધુરં ચરિતં મધુરં, વસનં મધુરં વલિતં મધુરમ્
ચલિતં મધુરં ભ્રમિતં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્

વેણુર્મધુરો રેણુર્મધુર:, પાણિર્મધુર: પાદૌ મધુરૌ
નૃત્યં મધુરં સખ્યં મધુરં, મધુરાધિપતે રખિલમં મધુરમ્

ગીતં મધુરં પીતં મધુરં, ભુક્તં મધુરં સુપ્તં મધુરમ્
રૂપં મધુરં તિલકં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્

કરણં મધુરં તરણં મધુરં, હરણં મધુરં રમણં મધુરમ્
વમિતં મધુરં શમિતં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્

ગુંજા મધુરા માલા મધુરા, યમુના મધુરા વીચી મધુરા
સલિલં મધુરં કમલં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્

ગોપી મધુરા લીલા મધુરા, યુક્તં મધુરં મુકતં મધુરમ્
ઇષ્ટં મધુરં શિષ્ટં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્

ગોપા મધુરા ગાવો મધુરા, યષ્ટિર્મધુરા સૃષ્ટિ મધુરા
દલિતં મધુરં ફલિતં મધુરં, મધુરાધિપતે રખિલં મધુરમ્

॥ ઇતિ શ્રી વલ્લભાચાર્ય વિરચિતં મધુરાષ્ટકં સમાપ્તમ્ ॥

# આપણો ધર્મ

આપણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ છીએ.

શ્રીનાથજી બાવા આપણા ઇષ્ટદેવ છે.

શ્રીયમુના મહારાણીજી આપણા સૌની માતા છે.

શ્રીમહાપ્રભુજી આપણા ગુરૂ છે.

અત્યારે શ્રીમહાપ્રભુજી વલ્લભકુળમાં આચાર્ય સ્વરૂપે બિરાજે છે.

શ્રીનાથજી બાવા એ શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ છે. શ્રીકૃષ્ણનું સ્મરણ એજ મંત્ર છે માટે હંમેશા આપણે શ્રીકૃષ્ણ: શરણં મમ નું રટણ કરવું જોઇએ.

આપણા વડિલોને તથા અન્ય વૈષ્ણવ મળે ત્યારે પ્રેમપૂર્વક બે હાથ જોડી 'જયશ્રી કૃષ્ણ' કહેવા જોઇએ.

# પુષ્ટિમાર્ગ

ભગવાનની કૃપા મેળવવાનો માર્ગ એટલે પુષ્ટિમાર્ગ. આ માર્ગની સ્થાપના શ્રીમહાપ્રભુજી એ કરી છે. પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજીની સેવા મુખ્ય છે. દરેક વૈષ્ણવે ગુરૂદેવ પાસે શ્રીઠાકોરજીને પુષ્ટ કરાવી તેમની સેવા કરવી જોઇએ.

ભગવાન શ્રીકૃષ્ણજી પુષ્ટિમાર્ગમાં આરાધ્ય દેવ છે માટે આ માર્ગમાં તેની સેવા થાય છે. શ્રીઠાકોરજી સવારમાં જાગે ત્યારથી પોઢે (સુઇ જાય) ત્યાં સુધીના વિવિધ કાર્યોની સેવા એજ પુષ્ટિમાર્ગીય સેવા છે. સેવા ભાવ પૂર્વક કરવી જોઇએ તોજ ઠાકોરજી આપણી સાથે બોલે. આપણી સાથે ખેલે.

# આઠ સમાના દર્શન

પુષ્ટિમાર્ગીય સેવામાં સવારથી સાંજ સુધી પ્રભુના વિવિધ પ્રકારે દર્શન થાય છે.

૧) મંગળા : પ્રભુ સવારે જાગે ત્યારના દર્શન

૨) શ્રૃંગાર : પ્રભુને શ્રૃંગાર થાય તે પછીના દર્શન

૩) ગ્વાલ : પ્રભુને વ્રજભક્તો આરોગાવે પછીના દર્શન

૪) રાજભોગ : પ્રભુ ભોજન કર્યા પછી આપે તે દર્શન

૫) ઉત્થાપન : પ્રભુ બપોરે વિશ્રામ કરી જાગે ત્યારના દર્શન

૬) ભોગ : પ્રભુ ફલાહાર આરોગે પછીના દર્શન

૭) સંધ્યાઆરતી : પ્રભુ વનમાંથી ગાયો ચરાવી ઘેર પધારે ત્યારે માતા યશોદાજી તેમની આરતી ઉતારે ત્યારના દર્શન

૮) શયન : પ્રભુ રાત્રે પોઢે તે પહેલાનાં દર્શન

# સેવ્ય સ્વરૂપો

ભગવાને અનેક પ્રકારની લીલા કરી છે. જુદી જુદી લીલા વખતે અલગ અલગ પ્રકારના સ્વરૂપો ધારણ કર્યા છે. આ સ્વરૂપો જુદા જુદા નામથી ઓળખાય છે. મુખ્ય સ્વરૂપો નીચે મુજબ છે આ સ્વરૂપો નિધિ સ્વરૂપ તરીકે ઓળખાય છે.

| ક્રમાંક | નામ | ક્યાં બિરાજે છે |
|---|---|---|
| ૧ | શ્રીનાથજી | નાથદ્વારા |
| ૨ | શ્રીનવનિત પ્રિયાજી | નાથદ્વારા |
| ૩ | શ્રીમથુરેશજી | કોટા |
| ૪ | શ્રીવિઠ્ઠલનાથજી | નાથદ્વારા |
| ૫ | શ્રીદ્વારકાધીશજી | કાંકરોલી |
| ૬ | શ્રીગોકુલનાથજી | ગોકુળ |
| ૭ | શ્રીગોકુલ ચંદ્રમાજી | કામવન |
| ૮ | શ્રીકલ્યાણરાયજી | વડોદરા |
| ૯ | શ્રીમુકુંદરાયજી | બનારસ |
| ૧૦ | શ્રીબાલકૃષ્ણલાલજી | સુરત |
| ૧૧ | શ્રીમદનમોહનજી | કામવન |
| ૧૨ | શ્રીનટવરલાલજી | અમદાવાદ |

# આચાર્ય સ્વરૂપો

શ્રીવલ્લભાચાર્યજી આપણા આચાર્ય-ગુરૂ છે. તેમને બે પુત્રો હતા.

(૧) શ્રીગોપીનાથજી (૨) શ્રીગુસાંઇજી

શ્રીગોપીનાથજીને એક પુત્ર શ્રીપુરૂષોત્તમજી હતા. તે પછી તેમનો વંશ આગળ ચાલ્યો નથી.

શ્રીગુસાંઇજીને સાત પુત્રો હતા. જેમનાં વંશજો આજે બિરાજે છે. આ સાત પુત્રોના નામ નિચે પ્રમાણે છે.

૧) શ્રીગિરિધરજી ૨) શ્રીગોવિંદરાયજી
૩) શ્રીબાલકૃષ્ણજી ૪) શ્રીગોકુળનાથજી
૫) શ્રીરઘુનાથજી ૬) શ્રીયદુનાથજી
૭) શ્રીઘનશ્યામજી

આ સાતે પુત્રોના વંશને શ્રીવલ્લભકુળ કહેવાય છે. આ સાત પુત્રોના મુખ્ય ઘર સાતગૃહ તરીકે ઓળખાય છે.

# બાળ કાવ્ય

પ્રભાતે સવેળા, પથારી તજી દો,
ભજી લો, વ્રજાધીશ-પાદારવિન્દો
સદા સત્ય બોલો, સદાચાર પાળો,
સ્વમાર્ગીય સિધ્ધાંત હૈયે ઉતારો ૧

ભણો એક ચિત્તે નિશાળે જઇને,
રમો સર્વ સાથે હળીને મળીને
નઠારા જનોને સદા દૂર રાખો,
સ્વમાર્ગીય સિધ્ધાંત હૈયે ઉતારો ૨

બનો મિષ્ટ ભાષી, વિવેકાદિ શીખો,
રહો સ્વચ્છ ઊંચા, વિચારો ધરાવો
ન ઇર્ષા ન નિંદા, ન જિદ્દે ભરાઓ,
સ્વમાર્ગીય સિધ્ધાંત હૈયે ઉતારો ૩

કરો દર્શનો, કૃષ્ણનાં મંદિરોએ,
કરો કિર્તનો, કૃષ્ણનાં શુધ્ધ ભાવે
હસો ને હસાવો, સદા મોદ માણો,
સ્વમાર્ગીય સિધ્ધાંત હૈયે ઉતારો ૪

થઇ શાન્ત બેસો, સભામાં જઇને,
અને સાંભળો ભાષણો, જ્ઞાન માટે
ગ્રહો સદ્‌ગુણોને, સુવિદ્યા વધારો,
સ્વમાર્ગી સિધ્ધાંત હૈયે ઉતારો ૫

ન ભૂલો તમે છો, કૃપા-માર્ગ-પંથી,
કૃપા-પાત્ર થાવા, કરો પ્રેમ ભક્તિ
બની નમ્ર સૌને, સુસન્માન આપો,
સ્વમાર્ગીય સિધ્ધાંત હૈયે ઉતારો ૬

બધું વિશ્વ એનું, રમે વિશ્વ રૂપે,
તમારા બધાનાં, ઉરે એ બિરાજે
અતઃ કોઇને ના, જરાયે દુભાવો,
સ્વમાર્ગીય સિધ્ધાંત હૈયે ઉતારો ૭

કરી બ્રહ્મસંબંધ, નિષ્પાપ થાઓ,
સમર્પી પદાર્થો, પછી સર્વ ખાઓ
જનેતા-પિતાની, ન આજ્ઞા ઉથાપો,
સ્વમાર્ગીય સિધ્ધાંત હૈયે ઉતારો ૮

# બાળકો, આટલું અવશ્ય કરશો.

સવારે વહેલા ઉઠજો. ગળામાં પહેરેલી તુલસીની કંઠીના દર્શન કરી આંખે લગાડજો. વડિલોને જયશ્રીકૃષ્ણ કહેજો. સુંદર રાગથી પદ બોલજો. સ્નાન કરી ચરણામૃત લેજો. કપાળમાં તિલક જરૂર કરજો. નિત્ય નિયમના સ્તોત્ર પાઠ અને અષ્ટાક્ષર મંત્રની એક માળા અવશ્ય કરજો.

ચરણામૃત પધરાવીને પછી જ ખાજો. ખાતા પીતાં જયશ્રીકૃષ્ણ બોલજો. રાત્રે હાથ-પગ ધોઇ ચરણામૃત લેજો સૌને જયશ્રીકૃષ્ણ કહી પછીજ સુઇ જજો.

તમારા ગામમાં શ્રીશુધ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય પાઠશાળા શરૂ કરવા સંપર્ક કરો.
શ્રીવાક્પતિ ફાઉન્ડેશન, વડોદરા.